# ધાનેરા પંથકમાં હડકાયા ભૂંડનો આતંક : પાંચ ગ્રામવાસી ઘાયલ

ધાનેરા, તા. ૧૧

બનાસકાંઠા ના ધાનેરા તાલુકા રવિયા ગામે હડકાયા ભૂંડે આતંક મચાવ્યો હતો. જેમાં હડકવા ગ્રસ્ત આ ભૂંડે આંતક મચાવી ગામના પાંચ જેટલા લોકો ને ઘાયલ કર્યા હતા. જેમાં બે લોકો ગંભીર રીતે ઘાયલ હોવાથી તેમને વધુ સારવાર અર્થે પાલનપુર રીફર કરવામાં આવ્યા હતા,જોકે ઘટના ને કલાકો નો સમય વીતવા છતાં પણ ફોરેસ્ટ ખાતા ના અધિકારીઓ ન ફરકતા લોકો તંત્ર સામે રોષે ભરાયા હતા.

ધાનેરા તાલુકા ના રવિયા ગામે ગત મોડી રાત્રે હડકાયા ભૂંડે બચકા ભરી ઘાયલ કર્યા છે, આ ભૂંડે એક બે નહિ પણ ગામના કુલ પાંચ જેટલા લોકો ને પોતાના હડકવા બાદના ઉન્માદિત રોષનો ભોગ બનાવી બચકા ભરી ઘાયલ કર્યા છે .જેમને ધાનેરા રેફરલ હોસ્પીટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા,ધાનેરા ની રેફરલ હોસ્પીટલમાં સારવાર લઈ રહેલા દર્દિઓ ની ઈજા જોતા જાને કોઈ ધારદાર હથિયાર થી તેમને ઈજા કરાઈ હોય તેવી તેમની સ્તીથી હતી, જેમાં બે ની હાલત ગંભીર બનતા પાલનપુર રીફર કરાયેલ છે આ હડકાયા ભૂંડે આતંક મચાવતા ગામ લોકો માં ભય વ્યાપી જવા પામ્યો હતો અને હડકાયા ભૂંડ ના ભય થી લોકો ડરી રહ્યા હતા હડકાયા ભૂંડે ગામના પાંચ લોકો બચકા ભરી ઘાયલ કર્યા હતા.

તો ભીજી તરફ ગામના લોકો હડકવા ગ્રસ્ત ભૂંડ ના ભય થી થર થર કાપી રહ્યા છે.આ ઘટના સ્થાનિકો એ ધાનેરા ના ફોરેસ્ટ વિભાગને જાણ કરી હતી પરંતુ પાંચ લોકો ને ઘાયલ કર્યા બાદ પણ ધાનેરા નું ફોરેસ્ટ ખાતું ઘટના સ્થળે ન આવતા લોકોએ ફોરેસ્ટ ખાતા સામે ફિટકાર વરસાવ્યો હતો.

# ડીસામાં અકસ્માતે પાણીની ટાંકીમાં પડવાથી ત્રણ વર્ષીય બાળકીનું મોત

ડીસા, તા. ૧૧

ડીસામાં બનેલી એક કરૂણાતીકામાં અકસમાંતે એક ત્રણ વર્ષીય બાળકી ઘરમાં બનાવેલ પાણીની અન્ડર ગ્રાઉન્ડ ટાંકીમાં ખાબકતા આ બાળકી નું કરુણ મોત થયું હતું, જેનાથી સમગ્ર વિસ્તારમાં ગમગીની છવાઈ હતી.

આ ઘટનાની મળતી વિગતો જોઈએ તો ડીસામાં આદર્શ સ્કુલ પાછળ આવેલી એક શ્રમજીવી વસાહતમાં રહેતા જોધાભાઈ દેસાઈએ પોતાના મકાનમાં પાણીના સંગ્રહ માટે એક અન્ડર ગ્રાઉન્ડ ટાંકી બનાવી હતી. જેમાં આજરોજ તેમની માત્ર ૩ વર્ષીય દીકરી પાયલ દેસાઈ બાળ સહજ રમતવૃતિએ દડો લેવા આ પાણીની ટાંકી નજીક પહોચી હતી, અને જોગાનુજોગ આ પાણી ની ટાંકી નું ઢાંકણું ખુલ્લું હતું જેમાં અકસ્માતે આ બાળકી ગબડી પડતા તે ડા પાણીમાં ગરકાવ થઈ હતી, જોકે આ વાત થી બેખબર તેના માતાપિતા એ બાળકી ન દેખાતા અને આ ટાંકીમાં પડવાનો અવાજ આવતા જોતા તેમની માસુમ બાળકી આ પાણીના ટાંકા માં ડુબળી જણાઈ હતી જેને તાબડતોડ પાણીમાં થી બહાર કાઢી ડીસા ની સરકારી હોસ્પિટલ ખસેડાઈ હતી, જોકે ત્યાં ફરજ પરના તબીબે તને મૃત જાહેર કરતા પરીપાર પર આભ ફાટી પડ્યું હતું. આમ અક્સમાંતે માસુમ બાળકી ઘરમાં બનાવેલ પાણીની અન્ડર ગ્રાઉન્ડ ટાંકીમાં ખાબકતા અને તેમાં તેનું મોત થતા સમગ્ર પંથકમાં હોક છવાયો હતો.

જોકે આ કિસ્સો ઘરમાં નાના બાળકો ને એકલા કે નફિકરા બની રમવા મુકતા માંબાપ માટે લાલબત્તી સમાન છે કેમકે ,નાના બાળકો સંભવિત આવા અકસ્માતો થી બેખબર હોય છે ત્યારે તેમની કાળજી તેમના માતાપિતા રાખે તે અત્યંત જરૂરી છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# મોડાસામા કોપીરાઈટના ભંગ બદલ કેબલ ઓપરેટર સામે ફરિયાદ

મોડાસા, તા. ૧૧

મોડાસાના સુકા બજાર ખાતે સુપર કેબલ નેટવર્ક ચલાવતા અલીમહમદ મહમદ ઈબ્રાહીમ પઠાણ દ્વારા તાજ ટેલીવીઝન પ્રા.લિ.ની પરવાનગી વગર ડીટીએચ બોક્સનો ઉપયોગ કરી કોપી કરાતી હોવાનું ધ્યાને આવ્યું હતું. આ કેબલ ઓપરેટર દ્વારા કંપનીમાં નાણાં ભર્યા વગર કે પરવાનગી સીવાય ગ્રાહકોને કનેકશન આપી દેવાયા હતા. કંપનીના કર્મીઓ સુકાબજારમાં ગ્રાહકોના ઘરે જઈ કનેક્શન ચેક કર્યા હતા.

જેમાં તાજ ટેલીવીઝન પ્રા.લિ.ની ચેનલોનું કેબલ ઓપરેટર દ્વારા પ્રસારણ થતું હતું. પરવાનગી વગર કોપીરાઈટનો ભંગ થતો હોઈ કંપનીના કર્મચારીએ અલીમહમદ પઠાણ સામે મોડાસા ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# મોડાસાની કાર્તિકેય સોસાયટી આગળ બનાવેલુ ગરનાળુ ૧૫ દિવસમાં જ તુટી પડ્યું

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં માલપુર રોડ પર આવેલી કાર્તિકેય સોસાયટીના મુખ્યમાર્ગ પર મોડાસા નગરપાલિકાએ વરસાદી પાણીના નિકાલ માટે બનાવવામાં આપેલા ગરનાળામાં ૧૫ દિવસની અંદર જ ગાબડુ પડી જતાં સોસાયટીના રહીશોએ નગરપાલિકાના કોન્ટ્રાક્ટર દ્વારા કામમાં ભ્રષ્ટાચાર આદરી વેઠ ઉતારવામાં આવી હોવાની બૂમ ઉઠવા સોસાયટીના અગ્રણી રહીશના જણાવ્યા અનુસાર કાર્તીકેય સોસાયટીના કોમન પ્લોટમાં વરસાદી પાણી ભરાતુ હોઈ આ મુખ્યમાર્ગની અંદર નાના ભૂંગળા નાખી વરસાદી પાણીના નિકાલ માટે ગરનાળાનું કામ હાથ ધરાયું હતું. પરંતુ થોડાક જ દિવસો પહેલા પ્રથમ વરસાદથી જ આ માર્ગ પર બનાવેલ નવીન ગરનાળામાં ગાબડુ પડી જતાં મુશ્કેલી ઉભી થઈ છે. કોન્ટ્રાક્ટર દ્વારા હલકી ગુણવત્તાવાળો માલ સામાન વાપરી



પામી છે.

મોડાસા માલપુર રોડ પર આવેલી કાર્તિકેય સોસાયટીના મુખ્ય રસ્તા ઉપર વરસાદી પાણીના નિકાલ માટે બનાવવામાં આવેલુ ગરનાળુ ૧૫ દિવસની અંદર જ ગાબડુ પડી જતાં સોસાયટીના રહીશો અને આ મુખ્યમાર્ગ પરથી પસાર થતા વાહનચાલકો તોબા પોકારી ઉઠ્યા છે. કામ કરાયું હોવાની બૂમો ઉઠી હતી. આ ડીપી રોડ પર આશરે ૧૫ થી વધારે સોસાયટીઓ આવેલી છે જેથી અહીંથી અસંખ્ય વાહનચાલકો અવરજવર કરતા હોવાથી પરેશાની ભોગવી રહ્યા છે. તો આ માર્ગ પર પડેલું ગાબડુ સત્વરે સમારકામ કરી દેવામાં આવે તેવી પ્રજાજનોની માંગ ઉઠી છે.

# મોડાસાના વોલ્વા ગામની સીમમાંથી સ્વીફ્ટ કારમાંથી ૩ નબીરાઓ દારૂ પીધેલી હાલતમાં ઝડપાયા

મોડાસા, તા.૧૧

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના વોલ્વા ગામની સીમમાંથી ૩ નબીરાઓ દારૂ પીધેલી હાલતમાં ઝડપાયા હતા. અરવલ્લી જિલ્લા એલસીબી પોલિસ દ્વારા વોલ્વા ગામની સીમમાં મેઘરજ તરફથી આવતા વાહનનું સઘન ચેકિંગ હાથ ધરતા મેઘરજ તરફથી આવતી સ્વીફ્ટ કાર શંકાસ્પદ જણાતાં તપાસ કરતાં સ્વીફ્ટ કારમાંથી ૩ નબીરાઓ દારૂ પીધેલી હાલતમાં ઝડપાઈ ગયા હતા. સ્વીફ્ટ કારમાંથી દારૂની ૧ બોટલ મળી આવતા અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર સીવીલ હોસ્પિટલના નર્સિંગ હોલ ખાતે કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી શ્રી હરીભાઈ ચૌધરીની ઉપસ્થિતિમાં એચ.આઈ.વી.પોઝીટીવ લોકો ધ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ -સંગે મંત્રીશ્રીએ એચ.આઈ.વી.પોઝીટીવ લોકોની સંસ્થા બનાસ એન.પી.પ્લસને અભિનંદન પાઠવતાં જણાવ્યુ હતુ કે એચ.આઈ.વી.થી ડરવાની જરૂર નથી. પોઝીટીવ લોકો પણ સામાન્ય માણસની જેમ જિંદગી જીવી શકે છે. તેમણે કહ્યુ કે આ સંસ્થા લોકોમાં એચ.આઈ.વી. અંગેની જાગૃત્તિ લાવવાનું શ્રેષ્ઠ. કામ કરી રહી છે. જાગૃતિ લાવવી એ સૌથી મોટી સમાજ સેવા છે. તેમણે કહ્યુ કે આપણા વડા-ધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી બેટી બચાવોબેટી પઢાવો અભિયાન ચલાવી રહ્યા છે. તેમણે કહ્યુ કે સરકારશ્રીના વિવિધ અભિયાનો અને -યાસોને લીધે સ્ત્રીપુરૂષ સેક્સ રેશિયો ઘટ્યો છે. મંત્રીશ્રીએ કહ્યું કે કોઈપણ વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્રસના વિકાસ માટે શિક્ષણ પાયાની જરૂરીયાત છે તે સમજી લઈ મુશ્કે લીઓના કાયમી નિરાકરણ માટે અને સુખસમૃધ્ધિક લાવવા તથા બાળકોના શિક્ષણ માટે શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે.

# કોડીયાવાડામાં જીપમાં મુકેલી વિદેશી દારૂ-બિયરની બોટલો ઝડપાઈ

વિજયનગર તાલુકાના કોડીયાવાડા ગામેથી શુક્રવારે જીપમાં મુકી રાખેલી વિદેશી દારૂ તથા બિયરની બોટલો પોલીસે ઝડપી લઈ રૂા.૨,૫૧,૬૦૦ નો મુદ્દામાલ કબજે લઈ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે ચિઠોડા પોલીસ મથકના જમાદાર રમણભાઈના જણાવ્યા અનુસાર જમાદાર દિનેશભાઈ સુકાજીએ શુક્રવારે સાંજે કોડીયાવાડ ગામે ઉભેલી જીપ નં.જીજે.૯.બીએ.૩૦૬૭ની તલાશી લેતા તેમાંથી વિદેશી પરપ્રાંતની પરવાના વિનાની ૩ બોટલ વિદેશી દારૂ તથા બિયરની ૪ બોટલ મળી રૂા.૧૬૦૦ની બોટલ મળી આવી હતી. જેથી પોલીસે રૂા.૨,૫૦,૦૦૦ની જીપ મળી રૂા.૨,૫૧,૬૦૦નો મુદ્દામાલ ઝડપી કાર્યવાહી હાથ ધરી છે.

# માલપુરના અંધ ક્રિકેટર પછી ભિલોડા તાલુકાના લુસડીયા ગામના અંધ ક્રિકેટરની પણ દયનીય હાલત

## ભારતીય અંધજન ક્રિકેટ ટીમમાં ઓલ રાઉન્ડર તરીકે પસંદગી થઈ હતી : શ્રીલંકા, પાકિસ્તાન અને સાઉથ આફ્રિકાની ધરતી પર અંધજન ક્રિકેટ વિશ્વ ક્ષેત્રે પોતાનો ડંકો વગાડ્યો હતો

મોડાસા, તા. ૧૧

વિશ્વની લોકપ્રિય રમત ક્રિકેટ ખેલાડી ઓ ને લાખો કરોડો રૂપિયા કામાઈ આપે છે ત્યારે ભારતને કે કોઈપણ સંસ્થા તરફથી વિકાસ પટેલને આર્થિક રીતે કોઈ જ મદદ ન આપતા આ ક્રિકેટર નાસીપાસ બની ગયો છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

વિશ્વ કક્ષાએ અંધજન કીર્કેટમાં સર્વોચ્ચ સ્થાને બેસાડનાર ક્રિકેટરો પાઈ પાઈ માટે મોહતાજ બન્યા છે. અરવલ્લી જીલ્લાનો એક અંધજન ક્રિકેટર ભારત દેશનું ગોરવ વધારી ચુક્યો છે ત્યારે તેને જીવન નિર્વાહ માટે શું કરવું તે યક્ષ પ્રશ્ન બન્યો છે.

અરવલ્લી જીલ્લાના લુસડીયા ગામે જન્મેલો વિકાસ પટેલ દ્રષ્ટિહીન હોવા છતાં ક્રિકેટની રમત તેને પ્રિય લગતી હતી. લુસડીયા હાઈસ્કુલમાં સરુઆતથી ધોરણ ૧૨ સુધીનું શિક્ષણ મેળવી ચુકેલો વિકાસ પટેલ જીલ્લા કક્ષાએ, રાજય કક્ષાએ, નેશનલ લેવેલે ક્રિકેટર તરીકે સફળ બનાયા બાદ તેની ભારતીય અંધજન ક્રિકટ ટીમમાં ઓંલ રાઉન્ડર તરીકે પસંદગી થઈ ક્રીકેટ પ્રત્યેની આગવી સુજનાં કારણે વિકસે ભારતીય ટીમમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કર્યા બાદ શ્રીલંકા પાકિસ્તાન અને સાઉથ આફ્રિકાની ધરતી પર અંધજન ક્રિકેટ વિશ્વ શેત્રે પોતાનો ડંકો વગાડ્યો હતો. વર્ષ ૨૦૧૨ રમાયેલ ટી ૨૦ વિશ્વ કપ અને ૨૦૧૪માં રમાયેલ વલ્ડ કપ અને ૨૦૧૪માં જ સાઉથ આફ્રિકામાં રમાયેલ મહત્વની ટુર્નામેન્ટ માં ભારતને વિશ્વ વિજેતા બનાવામાં વિકસે અગત્યની ભૂમિકા ભજવી હતી. ભારતીય અંધજનની ટીમના ખેલાડીઓ જયારે આવી મહત્વની સિદ્ધીઓ હાસલ કરે છે ત્યારે આવ ખેલાડીઓને પ્રોત્સાહન કરાય કે પગભર કરવા માટે સરકાર ધ્વારા કોઈ જ નક્કર પગલા લેવાતા નથી આજ દિન સુધી સરકાર તરફથી

અરવલ્લી જીલ્લાના છેવાડાના લુસડીયા ગામના વિકાસ પટેલે અંધજન ક્રિકેટર તરીકે ભારતનું નામ વિશ્વ કક્ષાએ રોશન કર્યું છે ત્યારે તેના ગુરુ તરીકે પોતે ગોરવ અનુભવતા હોવાનું જણાવી રહ્યા છે સાથે સમગ્ર લુસડીયા ગામ પણ વિકાસને વધુ ને વધુ પ્રગતી કરે તેવી ઈચ્છ રાખી રહ્યું છે પરતું સરકાર ધ્વારા આજદિન સુધી તેને કોઈ પણ પ્રકારની રોકડ સહાય કે ઈનામ આપવામાં ન આવતા તેની હાલત કફોડી બની રહી છે ત્યારે આવા ક્રિકેટર માટે સરકાર કઈક વિચારે તે જરૂરી છે.

એક તરફ માત્ર એક મેચ રમેલા ક્રિકેટરોને ક્રિકેટ બોર્ડ ધ્વારા અને સરકાર ધ્વારા લાખો કરોડો રૂપિયા આપવામાં આવે છે અને ક્રિકેટરો માટે તમામ સવલતો પૂરી પાડવામાં આવે છે પરંતુ વિશ્વ ફલક પર ભારતનું નામ ઉચ્ચ શિખરે બેસાડવામાં જેનો સિહ ફાળો છે તેવા અંધજન ક્રિકેટરોને કોઈ જ લાભ કે સહાય સ્કમ આપવામાં ન આવતા આવા ક્રિકેટરો નિરાશ બની ગયા છે જેનું જીવંત ઉદાહરણ વિકાસ પટેલ છે જેની પસંદગી એપ્રિલ ૨૦૧૫માં ઈગ્લેન્ડ પવાસ માટે થઈ હોવા છતા સરકારની ઉપેક્ષાથી રમવાનું ટાળ્યું હતું ત્યારે આગામી સમયમાં આવા ક્રિકેટરોને જો પ્રોત્સાહન પૂરું પાડવામાં નહી આવી તો અંધજન વિશ્વ ક્રિકેટ ક્ષેત્રે ભારતની ટીમ તરફથી કોઈ પણ ખેલાડી રમવા તેયાર ન થાય એવું લાગી રહ્યું છે.



૨૦૧૨માં રમાયેલ ટી-૨૦ વિશ્વ કપ અને ૨૦૧૪માં રમાયેલ વર્લ્ડ કપ અને ૨૦૧૪માં જ સાઉથ આફ્રિકામાં રમાયેલ મહત્ત્વની ટૂર્નામેન્ટમાં ભારતને વિશ્વ વિજેતા બનાવવામાં વિકાસે અગત્યની ભૂમિકા ભજવી હતી



મહેસાણા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા મહેસાણા અર્બુદા હોલ ખાતે વિશ્વ વસતિ દિનની ઉજવણી કરવામાં આવી હતી. વસતિ વધારો વિશ્વની ગંભીર સમસ્યા છે. આ સમસ્યામાં સ્થિરતા લાવવા અને લોકોમાં જાગૃતિ લાવવા માટે દર વર્ષે ૧૧ જુલાઈ ૨૦૧૫ના રોજ વિશ્વ વસતિ દિનની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે ભારત સરકારે ૧૧ જુલાઈથી ૨૪ જુલાઈ દરમિયાન વિશ્વ વસતિ પખવાડીયાની ઉજવણી કરવાનું નક્કી કરેલ છે. સરકાર દ્વારા આ વર્ષે વસતિ દિન 'ખુશ પરિવારનો મંત્ર, બે બાળકો વચ્ચે ત્રણ વર્ષનું અંતર'ના સૂત્ર સાથે ઉજવવાનું નક્કી કરેલ છે.

# તલોદ કોલેજમાં સંસ્કૃત વિષયના અનુસ્નાતક કેન્દ્રનો પ્રારંભ

તલોદ, તા. ૧૧

શેઠ એ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજ સંસ્કૃત વિષયના અનુસ્નાતક કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

ઉત્તર ગુજરાત યુનિ. પાટણ દ્વારા તલોદ કોલેજને સંસ્કૃત વિષયનું અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવા અંગે તાજેતરમાં યુનિ.માંથી એક નીડ કમિટી તપાસ અર્થે આવેલ હતી. કમિટીના સર્વે સભ્યોએ તલોદ કોલેજના ચાલતાં અન્ય અનુસ્નાતક કેન્દ્રની શિક્ષણ વ્યવસ્થા, ગ્રંથાલય, સ્ટાફની યોગ્યતા, ભૌતિક સાધનો અને વહીવટને ધ્યાને લઈને સંતોષ વ્યક્ત કર્યો હતો. અને વિદ્યાર્થીઓને સંસ્કૃત વિષયનું અનુસ્નાતક શિક્ષણ પોતાની જ કોલેજમાં મળી રહે તે માટે સેન્ટર શરૂ કરવા અંગે યુનિ.ને હકારાત્મક ભલામણ કરવામાં આવેલ છે. જેથી કોલેજ સત્તાવાળાએ ચાલુ શૈક્ષણિક વર્ષથી સંસ્કૃત વિષયનું અનુસ્નાતક સેન્ટર શરૂ કરેલ છે. સંસ્કૃત વિષયનું અનુસ્નાતક સેન્ટર શરૂ થતાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આનંદની લાગણી ફેલાઈ છે.

પ્રિ. ડૉ. જે.સી. પટેલના અથાગ પ્રયત્નો અને યુનિ.ના સત્તામંડળના હકારાત્મક અભિગમથી તલોદ કોલેજમાં તમામ મુખ્ય વિષયના અનુસ્નાતક શિક્ષણની સુવિધા ઉપલબ્ધ થતાં વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓનો અંત આવતાં કોલેજ સત્તાવાળાઓએ યુનિ.નો આભાર વ્યક્ત કર્યો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol, EXIDE INDUSTRIES LIMITED, BRIDGESTONE PASSION for EXCELLENCE, JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦